SEAT No.________ No. of Printed Pages : 02

[27/A-37]

# SARDAR PATEL UNIVERSITY

T.Y.B.A. Examination, 6 Semester
Friday, Date 9-10-2020
Session : Evening, Time : 3.00 pm to 5.00 pm
Subject Code : UA06CGLT20, Paper No. : 20
Subject Title : Gujarati Literature **અપઠિત અભ્યાસ (અનસીન)**

Total Marks : 70

---

**નોંધ : જમણી બાજુનાં આંકડા ગુણ દર્શાવે છે.**

પ્ર ૧: નીચેના ચાર પ્રશ્નોમાંથી કોઈ પણ બે પ્રશ્નોના ઉત્તર લખો. (૪૦)

૧. નીચેના ગદ્યખંડનું વિવરણ કરો.

અલંકાર એ રમ્યતા કે આકર્ષણ વધારવા કવિ વાપરે પણ બહુધા તો તે ભાવ સત્વોનો આવિષ્કાર યથાતથ ઊતર્યો હોય તો કૂતરાનું સંવેદન આપણને થાય છે. એમ જ આપણા ઉપમા આદિ અલંકારોને પ્રસંગ બને છે. સુંદરીના મુખનું-દર્શન કવિચત્ ચંપ્રદર્શન જેટલું રમણીય અને આહ્લાદક લાગે છે. માટે મુખચંદ્ર શબ્દ યોજીએ છીએ. પણ પછી એ શબ્દ અવિવેકથી વપરાય. વપરાતો જ જાય મુખનો જ પર્યાય બની જાય ત્યારે કવિને પોતાના ચમત્કાર માટે બીજો શબ્દ શોધવો પડે. ભાષાવૃક્ષનું ત્યારે મુખચંદ્રનું પાનું પાકું થઈને ખરી પડયું ગણાય.

– વિષ્ણુ પ્રસાદ ત્રિવેદી

૨. નીચેના ગદ્યખંડનું વિવરણ કરો.

કવિતા એ આત્માની કલા છે. આત્માના ખાસ ધર્મો. ચૈતન્ય વ્યાપન અને અનેકતામાં એકતા. એ કવિતામાં અવશ્ય હોવા જોઈએ. જે કવિતામાં ચૈતન્ય નથી તે કવિતા જ નથી. કવિતા આત્મા પેઠે વ્યાપન શીલ હોવી જોઈએ આત્મા જેમ પિંડમાં અને બ્રહ્માંડમાં, બુદ્ધિમાં, હૃદયમાં અને કૃતિમાં અને એ ત્રણેથી પર પરમાત્મા રૂપમાં વિરાજી રહેલો છે. તેમ કવિતા પણ મનુષ્યના બુદ્ધિ, હૃદય, કૃતિ અને અંતરાત્મા એટલે ધાર્મિકતા એ સૌની જરૂરિયાતો સંતોષે એવી હોવી જોઈએ કવિતામાં રહેલો ત્રીજો આત્મધર્મને અનેકતામાં એકતા છે. એક જ મુખ્ય બિંદુની આસપાસ અનેક પાત્રો, પ્રસંગો, ઉક્તિઓ. રસવૈવિધ્ય અને વર્ણનો રચવાં તેવા કવિનું માહત્મય રહેલું છે !

– આનંદ શંકર ધ્રુવ

૩. નીચેના કાવ્યનો રસાસ્વાદ કરાવો

આજ

આજ આખોય દિવસ મચ્યો વરસાદ
કાલ બપોર લગી ન હતું કશુંય
તે સડકની ધાર પર ઘાસ ગર્ભકોમલ ડોકાઈ આવ્યું,
પગરખાં મહીં થોડી કનડીઓ હરે ફરે...
મારે જવું – જવું –
મારે બેસવું છે ઘાસ પાસે
આસપાસ મકાનોમાં ભીનીભદ ભરી હોય માટી એવું શાંત
અરે, કોઈને શાક લેવા પણ નથી જવું ?
મારે જવું, જવું..
કોણ ટૂટિયું વાળીને પડ્યું માર્ગ પર ?
સુર્ય ? મારી ઇચ્છા રૂપે કયારે નોય ભીંજાય ?
આ ગોરંભાયો ગાજે આજે મેઘસ્વર ઘરે ઘરે
નેવ નેવે વહે પથ પર ખળ ખળ
ખુલ્લી બંધ બારીઓ સકલ અંધ મનુષ્યની આંખો જેવી
અલ્યા, કોઈને પોસ્ટ–ઓફિસેય નથી જવું ?
મારે જવું, જવું–પણ કોને લખું ?

– રાવજી પટેલ



[P.T.O]

૪. નીચેના કાવ્યનો રસાસ્વાદ કરાવોય

જુનું ઘર ખાલી કરતાં

ફંફોસ્યું સૌ ફરી ફરી અને હાથ લાગ્યુંય ખાસ્સું
જુનું ઝાડુ, ટૂથબ્રશ વળી લક્સ સાબુની ગોટી,
બોખી શીશી, ટીનનું ડબલું, બાલદી ફૂખકાણી,
તૂટ્યા ચશ્માં, ક્લિપ, બટનને ટાંકણી સોય-દોરો!,
લીધું દ્વારે નિત લટકતું નામનું પાટિયું જે
મૂકી ઊંધું સુપરત કરી લારી કીધી વિદાય
ઊભા છેલ્લી નજર ભરીને જોઇ લેવા જ ભૂમિ.
જ્યાં વીતાવ્યો પ્રથમ દસકો મુગ્ધ દામ્પત્ય કેરો.
જ્યાં દેવોને પરમ વરશો પુત્ર પામ્યાં પનોતો
ને જ્યાંથી રે કઠણ હૃદયે અગ્નિને અંક સોંપ્યો !
કોલેથી જે નીકળી સહસા ઊઠતો બોલી જાણે
બા-બાપુ ! ના કશુંય ભૂલિયાં એક ભૂલ્યાં મને કે ?
ખૂંચી તીણી સજલ દગમાં કાચ કેરી કણિકા !
ઉપાડેલા ડગ ઉપર શા લોહ કેરા મણીકા.

- બાલમુકુન્દ દવે

પ્ર૨. નીચેના ચાર પશ્નોમાંથી કોઇપણ બે પ્રશ્નોના ઉત્તર લખો : (૩૦)

૧. નીચેના છંદનું બંધારણ આપી ઉદાહરણ સહિત સમજાવો.
૧. માલિની ૨. સ્રગ્ધરા ૩. ચોપાઇ

૨. નીચેના છંદનું બંધારણ આપી ઉદાહરણ સહિત સમજાવો.
૧. વસંતતિલકા ૨. ઉપેન્દ્રવ્રજા ૩. તોટક

૩. નીચેના અલંકારની વ્યાખ્યા આપી ઉદાહરણ સહીત સમજાવો.
૧. વ્યતિરેક ૨. શ્લેષ ૩. અપ્રસ્તુત પ્રસંશા

૪. નીચેના અલંકારની વ્યાખ્યા આપી ઉદાહરણ સહિત સમજાવો.
૧. અતિશયોક્તિ ૨. વ્યાજસ્તુતિ ૩. સજીવારોપણ

X X X